



## વાતાવરણમાં પલ્ટો આવતા વાદળો ઘેરાયા, કાંકરેજ તાલુકામાં વરસાદના અમી છાંટણા થતાં ખેડૂતો ચિંતીત

કાંકરેજ તાલુકામાં સવારના પહોરમાં જ આકાશમાં કાલા ડિબાંગ વાદળો ઘેરાયા હતા અને અચાનક જ વરસાદી માહોલ સર્જાયો હતો અને જોત જોતામાં જ વરસાદના ધીમી ગતીએ છાંટા ચાલુ થઈ જતા ખેડૂતોમાં ચિંતા પ્રસરી જવા પામી હતી. જો કે આ માવઠું તો એવુ હતું કે મોંમાં આવેલો કોળીયો છીનવાઈ જાય ત્યારે આકોલી, પાદડી સહિત કંબોઈના વિસ્તારમાં વરસાદી છાંટા પડતા ખેડૂતોના જીવ પડીકે બંધાયા હતા. જ્યારે ખેડૂતોએ જીરૂની કાપણી કરવાનુ ચાલુ હોવાથી વિમાસણમાં મુકાયા હતા. પરંતુ થોડા સમય પછી અચાનક વાતાવરણ ચોખ્ખુ થતાં રાહતનો દમ ખેડૂતોએ અનુભવ્યો હતો. પરંતુ છેલ્લા થોડા દિવસોથી હવામાનમાં પલ્ટો આવવાનું સતત ચાલુ રહેતા જો માવઠુ થાય તો ખેડૂતોને મોટી મુશ્કેલીનો સામનો કરવો પડે તેમાં બે મત નથી.

# હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં ૧૦ મિનીટમાં બોમ્બ ફૂટશે

## કોલ કરનારાને બે યુવકોને એસઓજીએ મુંબઈ ઝડપી લીધા : ઝડપાયેલ બંને યુવકો ઉત્તરપ્રદેશના હોવાનું બહાર આવ્યું

સાબરકાંઠાના હિંમતનગર શહેરના આરોગ્ય નગર વિસ્તારની એક ખાનગી હોસ્પીટલના લેન્ડ લાઇન નંબર પર નવ દિવસ પહેલા ફોન કરીને બોમ્બ મુક્યાની ધમકી મળી હતી જેને લઈને સાબરકાંઠા પોલીસ અને એસઓજીએ તપાસ હાથ ધરતાં ઉત્તર પ્રદેશના બે શખ્શોની મુંબઈથી શુક્રવારે ધરપકડ કરી છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર શહેરના આરોગ્ય નગર વિસ્તારમાં આવેલી આવકાર હોસ્પીટલમાં ૯ દિવસ પહેલા બોંબ મુક્યો છે અને તે થોડીવારમાં ફાટી જશે તેવી ધમકી આપી હતી.લેન્ડ લાઈન ફોન પર આવી હતી.આ ધમકીને લઈને સાબરકાંઠા પોલીસે આવકાર હોસ્પીટલમાં સર્ચ હાથ ધર્યુ હતુ અને બોંબ સ્કવોડ સહીતનો કાફલો હોસ્પીટલ પર ખડકી દેવાયો હતો.પરંતુ પોલીસે તપાસ હાથ ધરી હતી કે ફોન કરનાર કોલર કોણ છે અને કેમ આ ધમકી હિંમતનગરની હોસ્પીટલને આપી હતી તે તમામ બાબતોને લઈને તપાસ હાથ ધરતાં સાબરકાંઠા એસઓજી શાખાના પીઆઈ વી.આર.ચાવડા અને એસ.એન.પરમારે તપાસ હાથ ધરતા મુંબઈ થી મોબાઈલ કોલ થી ધમકી અપાઈ હોવાનુ સામે આવ્યુ હતુ અને જેને લઈને પીએસઆઈ એસ.એન.પરમાર સ્ટાફ સાથે એસઓજી ની ટીમ લઈ મુંબઈ રવાના થયા હતા અને ફોન કરનાર ના લોકેશન પર ત્રણ દિવસ નજર રાખવા દરમ્યાન ફોન કરનાર શખ્સો સુધી પોલીસ ને



પહોંચવાની સફળતા મળી હતી.ઝડપાયેલા બંને શખ્સો મુળ ઉત્તરપ્રદેશના છે અને બંને મુંબઈના ગોવન્ડી વિસ્તારના બૈગનવાડીમાં રહેતા હતા. એસઓજીએ ફોનમાં ધમકી આપનાર શખ્સ અને જે સીમકાર્ડના નંબર થી ફોન કરેલ તે ડમી સીમકાર્ડ મેળવનાર સહીત બંને શખ્સોની શુક્રવારે ધરપકડ કરાઈ હતી.ડમી સમીકાર્ડ માટે ખોટી રીતે ખોટા ડોક્યુમેન્ટનો ઉપયોગ કરીને સીમકાર્ડ મેળવીને ફોન કરતા હોવાને લઈને પોલીસે બંનેની ધરપકડ કરીને મુંબઈ થી હિંમતનગર લઈ આવવામાં આવ્યા છે અને બંને સામે પોલીસે ઝીણવટ ભરી તપાસ હાથ ધરી છે કે બંને શખ્સોએ ગુજરાતમાં અને ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં ક્યાં ક્યાં ફોન કરીને ભય ફેલાવવા માટેના ફોન કર્યા હતા અને તેઓ કોઈ દેશદ્રોહી કૃત્યોમાં સંડોવાયેલા છે કે કેમ તે તમામ બાબતોની તપાસ પણ હાથ ધરવામાં આવી છે.

આ અંગે જીલ્લા પોલીસ વડા પ્રવિણ માલે જણાવેલ કે ગત સપ્તાહે આવકાર હોસ્પીટલ ખાતે એક ફોન આવેલ અને બોંબ મુક્યાની ધમકી આપી હતી અને જેની તપાસ કરતા ફોન કરનારા બંને શખ્સો સુધી પહોંચીને તેમને ઝડપી પાડવામાં આવ્યા છે બંને ઉત્તર પ્રદેશના છે અને બંને મુંબઈમાં રહેતા હતા બંને શુ ભુમીકા છે અને અન્ય કેવો ભુતકાળ ધરાવે છે તેની પણ તપાસ હાથ ધરવામા આવી છે, ડમી સીમકાર્ડ બોગસ દસ્તાવેજોથી મેળવીને આ શખ્સોએ ફોન કર્યો હતો.

પકડાયેલ બંને શખ્સ

૧-સાહિદજમાલ જમાલુદીન ઈરાકી-એમજીપી કોલોની માનખુર્દ,મુંબઈ મૂળ રહે ઉત્તરપ્રદેશ , ૨-મો.જાહિદ મો.મકસુદખાન-બૈગનવાડી ગોવાન્ડી,મુંબઈ-મૂળ રહે ઉત્તરપ્રદેશ

## મોડાસાથી કપડવંજ રાજ્ય ધોરીમાર્ગ પર આડેધડ બમ્પથી પ્રજામાં રોષ ફેલાયો

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરથી ખેડા જિલ્લાના કપડવંજ શહેર સુધીના રાજ્ય ધોરીમાર્ગ પર જવાબદાર તંત્ર દ્વારા આડેધડ બમ્પ અને વાહનચાલકોની સ્પીડ કાબુમાં રાખવા મનફાવે ત્યાં બમ્પનું નિર્માણ કરી દેતા તંત્રની આડોડાઈ કે પછી મુર્ખામી જે ગણો તે રાજ્ય ધોરી માર્ગ પર રહેલા અસહ્ય બમ્પથી નાના આવ્યો છે. તદ્‌ઉપરાંત વાહનો બમ્પ પરથી પસાર થતા ખખડધજ બની જવાની નોબત સાથે પેટ્રોલ-ડીઝલનો ધુમાડો નીકળી જતો હોવાથી મોંઘવારીનો માર સહન કરવો પડી



બનાવી દેવાતા પ્રજાજનો અને વાહનચાલકોમાં ભારે રોષ ફેલાયો છે. મોડાસા-ધનસુરા રાજ્ય ધોરીમાર્ગ પર બનાવેલા બમ્પથી હિન્દુપુરા અને શીકા ગામ નજીક વારંવાર અકસ્માતોની હારમાળા સર્જાવાની સાથે સાથે ટ્રક અને કન્ટેનર ઉંધા પડવાની ઘટનાઓ સામે આવી રહી છે. માર્ગ પર બનાવેલા બહુધા બમ્પથી બાઈક સવારો અને વાહનચાલકોને કમરનો દુઃખાવો થઈ ગયો છે.

મોડાસા શહેરથી કપડવંજ શહેરના અંદાજે ૪૫ કી.મી. લાંબા રાજ્ય ધોરીમાર્ગ પર જવાબદાર તંત્ર દ્વારા ઠેર ઠેર બમ્પ બનાવી દઈ અકસ્માતની ઘટનાઓ ઓછી બને વાહનચાલકો અને બાઈક સવારે ઉંધા માથે પટકાતા હોવાની અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચવાની ઘટનાઓમાં ઉત્તરોત્તર વધારો જોવા મળી રહ્યો છે. મોડાસાથી ધનસુરા રાજ્ય ધોરીમાર્ગ પર બનાવેલા બમ્પથી અહીંથી પસાર થતા ભારે વાહનો વારંવાર પલટી ખાઈ જતા હોવાની ઘટનાઓ બની રહી છે. મોડાસાથી અમદાવાદ અને કપડવંજ ધંધાર્થે જતા ધંધાર્થીઓ અને કર્મચારીઓ માટે આડેધડ તાંણી બંધાયેલા બમ્પ આફતરૂપ બન્યા હોય તેમ અસહ્ય કમરના દુખાવાથી પીડાઈ રહ્યા હોવાથી ઓર્થોપેડીક તબીબો પાસે સારવાર લેવાનો વારો રહ્યો છે. મોડાસાથી કપડવંજ સુધી બનાવવામાં આવેલા બમ્પ તાત્કાલિક તોડી પાડવામાં આવે અને માનવવસ્તી અને શહેરોના ભીડભાડવાળા વિસ્તાર સિવાયના માર્ગ પર રહેલા બમ્પ સત્વરે દૂર કરવામાં આવે તેવી માંગ પ્રજાજનોમાં ઉગ્ર બની છે. રાજ્ય ધોરીમાર્ગ પર તાંણી બંધાયેલ બમ્પ નીતિનીયમ મુજબ ન હોવાના અને મનફાવે તેમ આડેધડ બનાવી દેવામાં આવ્યા હોય તેવુ જણાઈ રહ્યું છે. બમ્પ કોઈ નિર્દોષનો ભોગ લે તે પહેલા જવાબદાર તંત્ર અસરકારક પગલા ભરે તે ખુબજ જરૂરી છે કે પછી ગાઢ નિંદ્રામાં પોઢી રહે છે તે જોવુ રહ્યું.

## ભિલોડા એન. આર. એ. વિદ્યાલયમાં ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ભિલોડા,તા.૧૦

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન. આર. એ. વિદ્યાલયમાં ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો.વિદ્યાર્થીઓને ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાલક્ષી માર્ગદર્શન અપાયું હતું. આ પ્રસંગે શામળાજી ત્રિલોકીનાથ વિષ્ણું મંદીર ટ્રસ્ટ ચેરમેન ગુણવંતભાઈ ત્રિવેદી, જન સેવા સંઘ પ્રમુખ ગીરીશકુમાર ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, ટ્રસ્ટી કમલેશભાઈ મહેતા, ભરતભાઈ ત્રિવેદી, ગોપાલભાઈ જોષી, નરેશભાઈ ત્રિવેદી, વાલી મંડળ પ્રમુખ વિકાસભાઈ ચૌહાણ, આચાર્ય વી.ટી.ચૌહાણ, શિક્ષક મુકેશભાઈ ત્રિવેદી,શામળભાઈ પટેલ, આગેવાનો સહિત જન સેવા સંઘ ઉત્સાહી સભાસદો, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હિંમતનગર નજીકથી એલસીબીએ સુરતના દેરાસરમાં ચોરી કરનારા પુજારીને બે લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપ્યા

સુરતના અડાજણના જૈન દેરાસરમાંથી માં ચાંદીના ઘરેણાં સહીત સો કરતા વધુ ચાંદીના ટીક્કાની ચોરી કરીને ફરાર થઈ ગયેલો પુજારીને સાબરકાંઠા એલસીબીએ ઝડપી પાડ્યો છે, ઝડપાયેલો તસ્કર કોઈ રીઢો ચોર નહી પણ મંદિરનો પુજારી પોતાની બહેનના હોળી નિમીત્તેના પ્રસંગે ઘરેણાં ખરીદવા માટે થઈને ચાંદીની ચોરી કરી હતી.જેને એલસીબી ગુરુવારે રાત્રે ઝડપી લીધો હતો અને સુરત પોલીસને સોપી દીધો હતો.

તસ્વીરમાં દેખાતો આ ચોર એ કોઈ આમ રીઢો ચોર નથી પણ ચોરી કરી એટલે તે હાલ તો આરોપી અને તે પણ ચોરીના ગુન્હાના આરોપી તરીકે જ ઓળખ પામે એ સ્વાભાવિક છે. કીશનસિંહ ઝાલા નામનો આ શખ્શ સુરતના અડાજણ વિસ્તારમાં આવેલા પાલ ગામના એક જૈન મંદીરમાં પુજારી તરીકે ફરજ બજાવતો હતો પણ તેને પોતાની બહેનને હોળીના પ્રસંગને લઈને ઘરેણાં કરી આપવાના હતા બહેનને ઘરેણાં કરી આપવા માટે થઈને આખરે કિશનસિંહે ચોરી જ કરી લીધી અને એ પણ જૈન ભાઈને એ ખબર ના રહી કે પોતાને શોધતી પોલીસ કલાકોમાં જ પોતાને ઘેરી વળશે અને થયુ પણ એમ જ કે



સામાજીક રીત રીવાજ તેને પ્રસંગ ટાણે ખર્ચ કરાવનારા હતા અને આ ખર્ચ ને પહોંચી વળવા માટે એટલે કે દેરાસરમાં ભગવાનના ઘરેણાંની, ભગવાનના ઘરેણાં ચોરીને બહેનને સાજ સજાવવા માટે નિકળેલા તે ઘરેણાં વેચીને બહેનના ઘરેણાં બનાવી આપે તે અગાઉ જ તે

● અનુસંધાન પાના - ૭ પર

## પાલનપુરની શ્રેયાંશી ગોસ્વામીએ જુડોમાં નેશનલ કક્ષાએ બ્રોન્ઝમેડલ જીતી ભારતમાં ત્રીજો ક્રમ હાંસલ કર્યો

પાલનપુર, તા. ૧૦

રિયો ઓલિમ્પિક માં રેસલિંગમાં સાક્ષી મલિક બ્રોન્ઝ અને બેડમિન્ટનમાં પી.વી સિંધુએ સિલ્વર જીતી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે હાલમાં પાલનપુર આકેશન રોડ વિસ્તારમાં આવેલા એકતાનગરના રહેવાસી જીતેન્દ્રભાઈ ગૌસ્વામીની દીકરી શ્રેયાંશી



ગૌસ્વામી નડિયાદમાં અભ્યાસ કરે છે અને હાલમાં ધોરણ ૧૦ની પરીક્ષા હોવાથી પાલનપુરમાંતૈયારી કરી રહી છે જયપુરમાં યોજાયેલ નેશનલ ૫૨ કિલો ગ્રામ જુડો માં મેડલ હાંસલ કરી વિશ્વમાં દેશનું ગૌરવ વધાર્યું છે ત્યારે રમત ગમત ક્ષેત્રે મહિલા ખેલાડીઓનું યોગદાન મહત્વ પૂર્ણ રહ્યું છે. એવામાં સરહદી બનાસકાંઠા જિલ્લામાં રમત ગમત ક્ષત્રે મહિલા ખેલાડીઓ જિલ્લાનું નામ રોશન કરવામાં નંબર વન પર રહી છે.



તાજેતરમા રાજેસ્થાનના જયપુર ખાતે ખેલો ઈન્ડિયામાં સમગ્ર દેશમાં જુડો રમતમાં મહિલા ખેલાડીઓ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતમાંથી પાલનપુરની શ્રેયાંશી જીતેન્દ્રભાઈ ગૌસ્વામીએ બ્રોન્ઝ મેડલ હાંસલ કરી નેશનલ જુડોમાં ત્રીજા નંબર પર આવી છે છેલ્લા પાંચ વર્ષથી જુડોની રમત સાથે જોડાયેલી શ્રેયાંશી ગૌસ્વામીએ રાજ્ય અને રાષ્ટિયકક્ષાએ અનેક મેડલ બ્રોન્ઝ મેડલ હાંસલ કરી ગુજરાતમાં પ્રથમ અને દેશમાં ત્રીજા નંબર રહી છે ત્યારે શ્રેયાંશી ગૌસ્વામીએ ખુશી વ્યકત કરતા કહ્યું હતું જેમ રિયો ઓલિમ્પિકમાં સાક્ષી મલિક અને પી.વી સિંધુ જેમ દેશનું ગૌરવ વધાર્યુ એ જ મારૂ સપનું છે.

## અરવલ્લી જિલ્લાની પ્રજાને આરોગ્યની સુવિધા આપવામાં સરકાર સદંતર નિષ્ફળ : ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા

બાયડ,તા. ૧૦

વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોના મંજૂર મહેકમ અને ખાલી જગ્યાઓની માહિતી તારાંકિત પ્રશ્ન દ્વારા માંગી હતી. તેના સંદર્ભમાં આરોગ્ય મંત્રીએ લેખિત જવાબ આપેલ છે કે અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૨ની મંજૂર થયેલ મહેકમની ૫૯ જગ્યાઓમાંથી ૧૯ જગ્યાઓ ખાલી છે, વર્ગ-૩ની ૨૧૧ જગ્યાઓમાંથી ૧૩૧ જગ્યાઓ ખાલી છે અને વર્ગ-૪ની મંજૂર થયેલ ૭૦ જગ્યાઓમાંથી ૬૯ જગ્યાઓ ખાલી છે. તે જ રીતે સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧માં ૧૮ જગ્યાઓ પૈકીની ૧૪ જગ્યાઓ ખાલી છે. વર્ગ-૩ની ૧૫૮ જગ્યાઓ પૈકી ૧૩૧ જગ્યાઓ ખાલી છે અને વર્ગ-૪ની ૧૩૪માંથી ૫૦ જગ્યાઓ ખાલી છે. મહેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ કે અરવલ્લી જિલ્લો એ પછાત અને છેવાડાનો જિલ્લો છે. આવા પછાત અને છેવાડાના વિસ્તારમાં આરોગ્યવિષયક સેવાઓની સ્થિતિ કેટલી હદે કથળી ગયેલ છે તે સરકાર દ્વારા વિધાનસભા ગૃહમાં લેખિતમાં આપેલ માહિતીથી ફલિત થાય છે. મહેન્દ્રસિંહ વાઘેલાએ આ ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરાય અને લોકોને આરોગ્યવિષયક સુવિધાઓ શહેરી વિસ્તાર જેવી જ મળી રહે તે માટે યોગ્ય કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી.

## ભિલોડા એન. આર. એ. વિદ્યાલય નિવૃત્ત બે શિક્ષકોનો વિદાય સમારંભ યોજાયો

ભિલોડા,તા.૧૦

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન. આર. એ. વિદ્યાલયમાં નિવૃત્ત બે શિક્ષકોનો વિદાય સમારંભ યોજાયો હતો. વયનિવૃત્તીના કારણે શિક્ષક યોગેશભાઈ પંડ્યા,જયશ્રીબેન પટેલને શાલ ઓઢાડી, મોમેન્ટો આપી ગોળધાણા ખવડાવી મોં મીઠું કરાવી ભાવભીની વિદાય આપી આવી હતી.

આ પ્રસંગે શામળાજી ત્રિલોકીનાથ વિષ્ણું મંદીર ટ્રસ્ટ ચેરમેન ગુણવંતભાઈ ત્રિવેદી,જન સેવા સંઘ પ્રમુખ ગીરીશકુમાર ઉપાધ્યાય,ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, ટ્રસ્ટી કમલેશભાઈ મહેતા, ભરતભાઈ ત્રિવેદી, ગોપાલભાઈ જોષી, નરેશભાઈ ત્રિવેદી, વાલી મંડળ પ્રમુખ વિકાસભાઈ ચૌહાણ, આચાર્ય વી.ટી.ચૌહાણ, શિક્ષક મુકેશભાઈ ત્રિવેદી, શામળભાઈ પટેલ, આગેવાનો સહિત જન સેવા સંઘ ઉત્સાહી સભાસદો, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં વિશ્વ મહિલા દિન ઉજવાયો

ભિલોડા,તા.૧૦

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં વિશ્વ મહિલા દિનની ઉજવણી યોજાઈ હતી. સમાજ સેવા ટ્રસ્ટ સહમંત્રી નયનાબેન બારોટ અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા.

આર.જી.બારોટ એજ્યુંકેશન કેમ્પસની મહિલા બહેનોને કુંમકુંમ તીલક કરી ફુલછડી આપી સન્માન કરવામાં આવ્યું હતું.વિદ્યાર્થીઓ ધ્વારા મહિલા સશક્તિકરણ સંદર્ભે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આર.જી.બારોટ એજ્યુંકેશન કેમ્પસ ડાયરેક્ટર દેવાંગભાઈ બારોટ,અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ આચાર્ય ટી.કે.પરમાર, પ્રદિપભાઈ ભાટીયા, સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.